ગુજરાતમિત્ર
આસપાસ ચોપાસ
આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!
મંગળવાર ૬ ઓક્ટોબર, ૨૦૨૬

**વર્ષો પહેલાં ચુના પથ્થરો મળવાને કારણે ગામનું નામ ચુનાવાડી પડ્યાની લોકવાયકા, ગામમાં ચૌધરી, કોંકણી, કોટવાળીયા, ભીલ સમુદાયના લોકોનો સદીઓથી વસવાટ**

## ખાપરી અને અંબિકા નદીના સંગમ નજીક અને ગાઢ જંગલ વચ્ચે વસેલું ડોલવણ તાલુકાનું ગામ



ટાઉન ટોક

# ચુનાવાડી





તાપી જિલ્લાના ડોલવણ તાલુકામાં, ખાપરી અને અંબિકા નદીના પવિત્ર સંગમ સ્થળ નજીક, ગાઢ જંગલોની લીલીછમ ગોદમાં એક રળિયામણું ગામ ધબકતું ગામ એટલે ચુનાવાડી. ગામના નામના કોઈ ચોક્કસ ઐતિહાસિક દસ્તાવેજો મળતા નથી, પરંતુ લોકમુખે કહેવાય છે કે ભૂતકાળમાં આ પ્રદેશની ધરામાંથી મળતા ચુનાના પથ્થરોને કારણે આ ભૂમિ 'ચુનાવાડી' તરીકે ઓળખાઈ. કુદરતનો અનહદ સ્નેહ પામેલું આ ગામ આશરે ૧૨૦૦ હેક્ટરના વિશાળ ક્ષેત્રફળમાં પથરાયેલું છે. લીલાંછમ વૃક્ષોની શીતળ છાયા અને સંગમના ઘેઘૂર પાણી વચ્ચે વસેલા આ ગામની કુલ વસતી અંદાજે ૩૨૦૦ની છે. ચુનાવાડી એ માત્ર એક ભૌગોલિક વિસ્તાર નથી, પણ આદિવાસી સંસ્કૃતિનો એક સમૃદ્ધ વારસો છે. મંદિર ફળિયું, ડુંગરી ફળિયું, વરસ ફળિયું, બામરિયા ફળિયું, દોબી ફળિયું, ઉપલું ફળિયું અને બેજ ફળિયું એમ કુલ ૭ ફળિયાંમાં વહેંચાયેલું આ ગામ સંપૂર્ણપણે આદિવાસી વસતી ધરાવે છે. અહીં ચૌધરી, કોંકણી, કોટવાળીયા અને ભીલ સમુદાયના લોકો સદીઓથી પરંપરાગત રીત-રિવાજો અને એકતાના તાંતણે બંધાઈને સહજીવન જીવે છે. આ જંગલ વચ્ચે વસતી આદિવાસી સંસ્કૃતિના સાંનિધ્યમાં એકમાત્ર પારસી કુટુંબ પણ સદભાવનાથી વસવાટ કરે છે, જે આ ગામની સામાજિક સમરસતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે. કુદરતી સૌંદર્ય અને આદિવાસી સંસ્કૃતિની મહેકથી છલકાતું ચુનાવાડી આજે પણ પોતાની આગવી ઓળખ અને સાદગી જાળવીને નદીઓના કલરવ વચ્ચે શાંતિથી ધબકી રહ્યું છે.......

### ગામમાં શિક્ષણની સુવિધા



ચુનાવાડી ગામમાં બાળકોને પાયાનું શિક્ષણ મળી રહે તે માટે કુલ ત્રણ આંગણવાડી આવેલી છે. જોકે, તેમાંથી બે આંગણવાડીનાં જર્જરિત મકાનો તંત્ર દ્વારા એક વર્ષ અગાઉ તોડી પાડવામાં આવ્યા હોવા છતાં આજદિન સુધી નવાં મકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું નથી. જેના કારણે બંને આંગણવાડીનાં ભૂલકાંને બેસાડવા તેમજ વિવિધ ઇતર પ્રવૃત્તિઓ કરાવવામાં આંગણવાડી કાર્યકર્તાઓને મુશ્કેલીઓ વેઠવાનો વારો આવ્યો છે. આંગણવાડીનાં બાળકો માટે યોગ્ય માળખાકીય સુવિધા ઉપલબ્ધ થાય એ માટે તંત્ર દ્વારા વહેલી તકે નવા મકાનોનું બાંધકામ શરૂ કરવામાં આવે તેવી માંગ ઊઠી છે. ચુનાવાડી ગામમાં પ્રાથમિક શિક્ષણની વાત કરીએ તો મંદિર ફળિયામાં ધોરણ 1થી 8 સુધીના અભ્યાસ માટે સારી માળખાકીય સુવિધા ધરાવતી મુખ્ય શાળા આવેલી છે. વર્ષ-1955માં સ્થાપિત થયેલી આ શાળામાં હાલ મુખ્ય શિક્ષક સતીષભાઈ અર્જુનભાઈ ચૌધરી સહિત કુલ સાત શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે અને ગામના 158 વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે. શાળામાં વિદ્યાર્થીઓને સ્વચ્છ પીવાનું પાણી મળી રહે તેવી સુવિધા ઉપલબ્ધ છે. પાણીની સુવિધા બાબતે શાળાને વર્ષ-2025માં જિલ્લા કક્ષાએ એવોર્ડ પણ મળ્યો હતો. આ ઉપરાંત ગામના બામરિયા અને દોબી ફળિયામાં ધોરણ 1થી 4 સુધીની બે વર્ગ શાળાઓ આવેલી છે. ચુનાવાડી ગામમાં પહેલાથી જ પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂત રહ્યો હોવાથી ગામમાંથી અત્યાર સુધીમાં 11 જેટલા શિક્ષકો બન્યા છે. જ્યારે બે પોલીસકર્મી અને એક જવાન આર્મીમાં ફરજ બજાવી રહ્યા છે. એક તરફ ગામની શાળા શિક્ષણ અને માળખાકીય સુવિધાઓમાં સારી કામગીરી કરી રહી છે, ત્યારે બીજી તરફ આંગણવાડીનાં નવાં મકાનોનું બાંધકામ એક વર્ષથી અટવાયેલું હોવાથી તંત્રની કામગીરી સામે સવાલો ઊઠી રહ્યા છે. નાનાં ભૂલકાંના હિતને ધ્યાનમાં રાખી આંગણવાડીનાં નવાં મકાનોનું કામ તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી ગ્રામજનોની માંગ છે.



### ખેતી અને પશુપાલન બન્યા ચુનાવાડીવાસીઓની આજીવિકાના મુખ્ય આધાર

આદિવાસી વિસ્તારોમાં હવે ખેતીની પદ્ધતિમાં બદલાવ આવ્યો છે. જે પરિવર્તન ચુનાવાડી ગામે પણ જોવા મળે છે. અહીંના લોકોનો મુખ્ય આધાર ખેતી અને પશુપાલન પર છે. ગામના ખેડૂતો શેરડી, ડાંગર, ભીંડા, મરચાં અને ગુવાર સહિત વિવિધ પાકોની ખેતી કરી સારી આવક મેળવી રહ્યા છે. જમીન અને હવામાનને અનુરૂપ પાકોની પસંદગી કરી ખેડૂતો વર્ષ દરમિયાન અલગ-અલગ સિઝનમાં ખેતી કરે છે. ખેતીની સાથે ગામમાં પશુપાલનનો વ્યવસાય પણ મહત્ત્વપૂર્ણ છે. ગ્રામજનો ગાય, ભેંસ અને બકરીનું પાલન કરી દૂધ તથા અન્ય પેદાશોમાંથી આવક મેળવે છે. આ ઉપરાંત કેટલાક પરિવારો મરઘાં અને બતકાંનું પાલન પણ કરે છે. આમ, ખેતી અને પશુપાલન ચુનાવાડી ગામના ગ્રામજનોની આજીવિકાના મુખ્ય આધારસ્તંભ બન્યા છે.







### કોટવાળીયા પરિવારોનો પરંપરાગત વાંસકામનો વ્યવસાય આજે પણ યથાવત્

ગામમાં આદિમજૂથ કોટવાળીયા સમુદાયની અંદાજે 300 જેટલી વસતી છે. આ સમુદાયના પરિવારો આજે પણ પેઢી દર પેઢી ચાલતો પરંપરાગત વાંસકામનો વ્યવસાય જાળવી રહ્યા છે. સ્થાનિક વિસ્તારમાં વાંસની અછત હોવા છતાં પરિવારો દૂરદૂરના વિસ્તારોમાંથી વાંસ લાવી તેમાંથી ટોપલા-ટોપલી, સૂપડી સહિતની વિવિધ ચીજવસ્તુઓ તૈયાર કરી જીવનનિર્વાહ કરે છે. દેશને આઝાદી મળ્યાનાં વર્ષો બાદ પણ કોટવાળીયા સમુદાયમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ ઓછું રહ્યું છે. શિક્ષણના અભાવે આ સમુદાયના અનેક પરિવારો હજુ પણ વિકાસની મુખ્યધારાથી વંચિત રહ્યા છે. જમીનવિહોણા પરિવારો માટે માત્ર વાંસકામથી પરિવારનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બનતાં તેઓ ખેતમજૂરી પણ કરે છે. આ ઉપરાંત શેરડી કાપણીની સિઝનમાં રોજગારી મેળવવા માટે પરિવારના સભ્યોને અન્ય વિસ્તારોમાં સ્થળાંતર કરવાની ફરજ પડે છે. આમ, પરંપરાગત કૌશલ્ય જાળવી રાખવા છતાં રોજગારની અછત, જમીનવિહોણાપણું અને ઓછું શિક્ષણ આ સમુદાય માટે આજે પણ પડકારરૂપ બન્યા છે.

**આયુષ્યમાન ભારત-સબ સેન્ટર**



**નવનિર્મિત ગ્રામ પંચાયત કચેરી**

